મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૫-૦૧-૨૦૨૬
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૬૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો




મેવડ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના હસ્તે નવનિર્મિત કિસાન ભારતી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભવન લોકાર્પણ તેમજ સ્વ. બહેચરભાઈ બી. ચૌધરી(પુનાસણ) પ્રતિમાનું અનાવરણ

# સ્વ.બહેચરભાઈ ચૌધરીએ પોતાની સંસ્થામાં બાળકોને શિક્ષણ સાથે શ્રમ અર્થ તેમજ વાસ્તવિકતાની પરખ કરાવી છે : અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

આજરોજ મહેસાણા જિલ્લાના મેવડ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને અખિલ આંજણા કેળવણી મંડળ,મેવડ તેમજ કિસાન ભારતીય વિદ્યા સંકુલ દ્વારા નવનિર્મિત કિસાન ભારતી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભવન, ડોરમેટ્રી હોલ તેમજ જી. કે. ચૌધરી કન્યા વિદ્યાલય નવીન પ્રવેશદ્વારનું લોકાર્પણ તેમજ સ્વ. બહેચરભાઈ બી. ચૌધરી(પુનાસણ)ની પ્રતિમાના અનાવરણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન તથા ગુરુવંદના - વચવંદના સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ હસ્તે કન્યા વિદ્યાલય પ્રવેશદ્વાર તથા GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના હસ્તે ડોરમેટ્રી હોલનું ઉદઘાટન કરાયું હતું.

## મહેસાણા જિલ્લો દેશના પ્રધાનમંત્રીની જન્મભૂમિ : નીતિન પટેલ પૂર્વ નાયબ મુખ્યમંત્રી

પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો એ શિક્ષિત અને વિકસિત જિલ્લો છે. જે દેશના વિકાસમાં અવિરત કાર્ય કરતા દેશના વડાપ્રધાનશ્રી તેમજ ગૃહ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોની જન્મભૂમિ છે. જેમનું ફક્ત એક જ વિઝન રહ્યું છે કે રાજ્યનો દરેક વર્ગ શિક્ષિત બને, સમર્થ બને અને પગભર બને, જે તેમના સૂત્ર 'સૌના સાથ, સૌનો વિકાસ, સૌના સહકાર' થકી સાર્થક થાય છે.

## સ્વ. બેચરભાઈ ચૌધરીએ સમાજને શિક્ષિત કરવાનું ધ્યેય બનાવ્યું : અશોક ચૌધરી, ચેરમેન જીસીએમએમએફ

GCMMF ના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ કહ્યું હતું કે સ્વ.બહેચરભાઈ બી. ચૌધરીના ગાંધીવાદી વિચારો તથા સરળ વ્યક્તિત્વમાં કે જેઓ શહેરીકરણને છેડે મૂકી શિક્ષણના પંથે આગળ વધ્યાને સમાજને શિક્ષિત કરવાનું ધ્યેય બનાવ્યું.

## શિક્ષણ ભવિષ્યનું ઘડતર છે : શંકર ચૌધરી

આ પ્રસંગે પોતાનું પ્રાસંગિક ઉદબોધન આપતા ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી એ જણાવ્યું હતું કે શિક્ષણ એ ભવિષ્યનું ઘડતર છે, આવનારી પેઢીનો નવો ચિતાર છે. કિસાનભારતી વિદ્યાસંકુલ અર્થે ધરતીનો પુત્ર, જ્યાં શ્રમ, અર્થ (ઇકોનોમી) નો ઉલ્લેખ થાય છે, સરળ જીવન, ઉચ્ચ શિક્ષણના નવા આયામો ઉમેરી રહ્યા છે. વિધાનસભા અધ્યક્ષશ્રી એ સ્વ.બહેચરભાઈ બી. ચૌધરીને યાદ કરતા કહ્યું કે તેઓએ શિક્ષણને ફક્ત અભ્યાસરૂપે નહીં પરંતુ તેને જીવનમાં મેળવવા માટેના પ્રયત્નો કર્યા છે, તેઓ એક ગાંધીવાદી વિચારધારાને અનુસરનાર વ્યક્તિ હતા. જેમણે પોતાની સંસ્થામાં બાળકોને શિક્ષણ સાથે શ્રમ, અર્થ તેમજ વાસ્તવિકતાની પરખ કરાવી છે. જેમાં સરળ જીવન, ઉચ્ચ વિચારના સમન્વય સાથે બુનિયાદી શિક્ષણ પીરસ્યું છે.











## કાર્યક્રમનું આયોજન સંસ્થાના આ કર્મવિરોએ કર્યું

મેવડ કિસાનભારતી વિદ્યા સંકુલના પ્રમુખશ્રી ધીરેનભાઈ ચૌધરી તથા મંત્રીશ્રી મણીભાઈ ચૌધરી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના દાતાશ્રીઓનું પુષ્પગુચ્છ, શાલ તથા મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. સાથે ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સન્માન કરાયું તેમજ તેમના સંસ્મરણો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા.

## ગ્રામીણ શિક્ષણનો ઉત્થાન પાયો સંસ્થાએ નાખ્યો : મયંક નાયક સાંસદ રાજ્ય સભા

રાજ્યસભા સાંસદશ્રી મયંકભાઈ નાયક એ જણાવ્યું હતું કે આજુબાજુના ૧૦ ગામના બાળકોના શિક્ષણની ચિંતાથી નિર્માણ પામેલ આ સંસ્થાએ અનેક લોકોની કારકિર્દી બનાવી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ કેળવણી ધામ નિર્માણ પામ્યું છે તેવી જ રીતે અહીં શિક્ષણની સાથે આરોગ્યની ચિંતા કરવી એ જરૂરી છે, જેથી અહીં આરોગ્ય ધામ નિર્માણ પામે તેવા વિચાર સાથે અનુરોધ કર્યો હતો.

## આ મહાનુભાવો ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા

આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદશ્રી મયંકભાઈ નાયક, પૂર્વ સાંસદશ્રી જુગલસિંહ લોખંડવાલા, મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, બેચરાજી ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, UGVCL ના MD શ્રી એન. એફ. ચૌધરી, પૂર્વ ધારાસભ્ય તથા દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી અમિતભાઈ ચૌધરી, સમાજના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ ચૌધરી, નેશનલ ફાર્મસી ફાઉન્ડેશન ઇયા. પ્રમુખશ્રી જશુભાઈ ચૌધરી, અર્બુદા કો. ઓપ. ક્રેડિટ ચેરમેનશ્રી રમેશભાઈ ચૌધરી, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ તથા અર્બુદા મહિલા ક્રેડિટના ચેરમેનશ્રી રમીલાબેન ચૌધરી, અગ્રણીશ્રી કનુભાઈ ડી. ચૌધરી, ડો. શ્રી એસ આર ચૌધરી, શ્રી ભરતભાઈ ચૌધરી, શ્રી કે. કે. ચૌધરી, શ્રી શૈલેષભાઈ ચૌધરી, શ્રી વિક્રમસિંહ આંજણા, શ્રી દિનેશભાઈ ચૌધરી, શ્રી નાનજીભાઈ ચૌધરી સહિત સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તથા મંડળના સભ્યોઓ ઉપસ્થિત હતા.

